ભરણી પાઉય

નવસ ઉંગળી

વરડું ભેળવાનું ભાગ

૧૨૬૩

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર

ગુજરાત—અમદાવાદ.

અમદાવાદ.

[illegible] પ્રેસ.

સંવત ૧૯૬૩ સને ૧૯૦૭

ભાડળી વાક્ય.

શુકન છીંક વિશે વિચાર.

ચોપાઈ.

કહું સુણો સહુ છીંક વિચાર, સહેજ શુભાશુભ અતિ અનુસાર;
છીંક પૂંઠની કુશગ ઉચ્ચાર, કારજ એથી સરે નિરધાર.
સનમુખ છીંક કરાવે રાડ, છીદ્ર દાહીની દ્રવ્ય નસાડ;
ઉંચી છીંક ગણો જયકાર, નિચી છીંક થશે બહુ ધાર;
છીંક આપણી દુખ દાય, એવી છીંક વિચરો ભાઈ;
છીંક સપ્તમી છગ કરી હીન, છીંક પૈડી જાણો ફળહીન.

દોહરો.

વાંઇ ઊંચી પીઠની, છીંક વળી સુખકાર,
નિચી સનમુખ દાહિની, આપણી છીંક અસાર.

શ્વાનના શુકન સોરઠો.

દક્ષિણ પગથી શ્વાન, દક્ષિણ અંગ ખુજાળશે;
આંખ કુબેર કાન, રિદ્ધ વૃદ્ધિ ચય સુખ ગણો.

દોહરા.

દક્ષિણ જાંઘથી શ્વાન જો, ખણે ખાજ નિજ શીશ;
રાજ લાભને ઉદર સુખ, કંઠ ગુહ્ય ધન દિશ.
હૃદય કંધ આદર અધિક, નાક મહા સુખકાર;
પિંડથી વાહન લાભ છે, દિસે સુખ અપાર.

સોરઠો.—જો અંગે જો શ્વાન, ખાજ ખુજાળે વામથી;

તો કૃપ અશુભજ માન, કાર્ય કરો હો નવ તમે.

દોહરો —ગમન સમે જો રજાન નીજ, ફુફડાવે ફરિ [illegible]:
હોય અશુભ ફળ કામનું, સાચું ભડળી મત.

સોરઠો —રસ્તામાં ધુણીને આળોટે સાંઢપર કે પાડો;
હોય મારણું ભંગ, નિશ્ચય શુકન જુડા બહુ.

દોહરો.

ગામમ મહિષી નર ચઢ્યો, લડતી મળે મંજાર;
સ્નાન કરીને માણસ રડે, એ બહુ અશુભ વિચાર.

ચોપાઈ

નેક શુકન વદીશ અશાર, ચિત ત્યાં ક્ષત્રી સુણજો ચાર:
સન્મુખ આવે જો નરનાર, શુકન ભલા તું એજ વિચાર.
દરશન નકુલનું જો કદિ થાય, અરથ સરે સંપતિજ પમાય,
કુશળ હોય ઘરમાં સહુ જાણ, પુરા મનોરથ થાય પ્રમાણ.
વામ ભાગ બે ચકવા ચાર, શુભ તે શુકન તુંજ ગણધાર;
કહુંછું જોગન શુકન હું સુખકાર, ચિતદઈ સુણજો નરનાર.

ચોપાઇ.

ગમન સમાની વાત સુણીજ, શુકન જાણ સુખકર ગણી લીજ;
સહુજ વાયુ સુખદ મન જાણ, હોય ત્રિવિધી અકુલ આણ.
પુરા સર્વે મનોરથ હોય, સુકનતણું તે શુભ જોય.
લઈ સુહાગીણી શુભ મન ઉમંગ, ભરીઆ [illegible] જળ ગાગ.
મળે આવતી આ રીતે નાર, તો શુભ શુકન નકી તું ધાર,
સરે શુકન જોતાં સહુ કાજ, મેળ બહુ છે શકુન તણું જ.

દોહરો.

ભમરી બોલે ચાલતે, એ તું શુકન શુભ જાણ;
નકી બતાવે છે પ્રિયા, હોશે કારજ પ્રમાણ.

ચોપાઈ

હસે કોયલ શિરને ડાળ, શુભ કારજ થશું એ સંભાળ;
ફરી માછલી જો સામું થાય, શુકન સરસ નવ કોઈ ગણાય.
ગળે ત્રેમ પોપટ લઈ બેય, થશું કાર્ય સુણવી તું કેય;
શુકન ચાતક સુણ્યું જે સુખકાર, લાભ ગણો નવ જેમાં વાર.
સનમુખ સર્પ ધુવાડે ગાય, એથી ઉપર શું શુકન ગણાય;
શુકન એજ સહુમાં ગુણ એક, ફળ ન લાગણું જેથી નેક.

દોહરા.

મૃગ હારીણ ડાબી દિશ, પાસ કેદિ આવંત;
મંગ બહુ ધન ભાગને, આદર ભાવ મિલંત.
એકજ બકરો ને વષભ, પાંચ ઘોડા ખટ શ્વાન,
ત્રણ ગાયો ગજ સાતજ, એ નવ સુખકર માન.

ચોપાઈ

બોલે તેતર પ્રાત સમેજ, ગમન સુખે કર કાંઈ ન ભેજ;
દક્ષિણ બોલે જો એ પોકાર, સુખ તેથી બહુ સારો ધાર,
ડાબી ચકલી ઉડતું શ્વાન, રાસભથી ધવળી કાગ તું માન;
ચાલતા ચાલે દેખાય, ધન પ્રાપ્તિ બેવડી કહે થાય.

દોહરા.

શ્યામ ચકલી વામે દિશે, બોલે તું સુખકાર;
નદ સાપને ઘો તણો, દરશન દુઃખ અપાર.
આવે દક્ષિણ વામથી, કાળી ચકલી ચાલંત,
દક્ષિણ ચાલે શુભ ગણો, અશુભ સહુ ટાળંત.
વામેથી દુર દક્ષથી, મન વાંછીત ફળ હોય;
આગળ દક્ષિણ પુંઠગ, મહા અશુભ તું જોય.
વામ દક્ષિણ નહિ ભલાં, દીઠ રોગી સોનાર;
શિયાળ બોલે ચોઉ દિશા, સાંજે અશુભ વિચાર.
ફુલાવે નીલકંઠ પર, દેખે જો જન કોય,
પાછલો પ્રાણી કુરંગની, કારજ પુર હોય.

ચોપાઈ.

નીલકંઠ પર ફેલાવંત, વામેથા દક્ષિણ આવંતી
ત્યાંને પ્રાત સુખદાઇ, જો પોરથી વામે શુભ થાઇ.
દોહરો—જો બોલે વાક્ય નકી, મીઠે સુર પ્રસન્ન;
શુભ ફળ તો જાણીએ, પ્રાપ્ત થાય મન જન્ન.
ચોપાઇ-દક્ષિણ સમાધોથી જાયધાર, આગુળ બોલે સુખકાર,
જાવે પીઠે ગમન ન થાય, દુરશનનો નિષેધક થાય.

દોહરો.

જો વામેથી દક્ષિણે, આવે મચ્છો લાઇ
પ્રભાત રૂપારેલ તો, પ્રાપ્તી સુખ દઇ.
દક્ષિણ વાની તરફ, આવે બહુ હિલતાવ;
સાંજે રૂપા રેવતો, સુખનો બેસે તાલ.
સોરઠો.-પશુ કે જીલ પ્રભાત, મલ્હારી સુખદા;
ગણ્ય આ સાચી વાત, એથી ઉતરે દુખ બહું.
દોહરો-અગ વામેથી દક્ષિણે, આવે જો તત્કાળ;
લક્ષ્મી તણી પ્રાપ્તી કરે, ચાલે-પ્રાત:કાળ.
દક્ષિણથી વામા હરણ, આવે સહુનો જાણ,
મળે સુખ બહુ ઝટ નકી, ચાલે સાચા પ્રમાણ.
સુકા વક્ષપર સુવં બણી, વલસ કરે વિલાપ;
કઠોર બોલી વાણી તો, હોય બહુ ગણ તાપ.
લોમડી ઈહમા દક્ષિણે, દેખે જો કદી કામ;
મન વાંછીત ફળ ઝટ મળે, નવ વાંધો કદી હોય.
સોરઠો-મધુર બગ સુખકાર, જોતાં સારા શુકન છે,
ખાક કુકડા સુક ધાર, વામ બોલે તે ભલા.

શોરઠો-મણાય જાતાં અપશુકન, આવંતા સુખદાય;
જાતાં જે છે સુકન શુભ, આવે ભલા ન થાય.

દોહરો—શુકન સુભા જેમ હોય, પાસ તો તેવું ફળ;
દુરથી દુરજ એમ, કહે ભડળી સેહદેવથી.
ઉત્તર અને ઇશાન, પ્રાતઃકાળે પુરવ ફિરો;
ભળી સાંજે તું મીન, નૈરુત્ય પશ્ચિમ દક્ષિણી.

શોરઠો-ગમન સમે પંક્ષી રટે, બેશી વક્ષ ફળ કોય;
દિશા રૂડીમાં તો રૂડું અશુકન નામે ખોય.

શુકનવાસ દોહરો.

આદિતવાર ચમાર ઘર, જેમ શનિયે વાસ;
મંગળ દીન ઘર કાછીઆ, બુધે ધોબીની પાસ.
ગુરૂવારે બ્રાહ્મણ ઘરે વણીક ઘેર ભગુ વાર;
શનિવારે ગણિકા ઘરે, વાસ સુકનનો ધાર.

ચોપાઇ—ગયે નિશા કઇ હોય વિચાર, અક્ષત જળ પુંગીલ ઇંધાર;
આવે બોલ રૂડાથી ઘેર, સુકના સુકન તણી એ પેર.
પુંગી અક્ષર તોય ચઢયા નિજ કામે ભડળી કહે જાય;
પુછે તેને વાર સમેત, ફળ ગળશે નહી છે સંકેત.
બોલે શનિ રવુ મંગળવાર, અગ્નિ વાયુમાં રૂખમાં ધાર;
સોમ બ્રહસ્પતી ભ્રગુ એ જાણુ, ધન નારી સુખ તુ પ્રમાણુ.
મળે જેય સુભ માહાસુભ બાઇ બેજો,
અસુભ મૂઠા દુખદાઇ સુભ અસુભ મળે મંધ્યમ ભાખ.
વીચાર તુ આ મનમાં રૂખ, છાવકી અને કરકાંટા વિચાર.

દોહરો—પડે છાવકી અંગ પર, કરકાંટો ચઢી જાય;
વાર તિથિ નક્ષત્રનું ફળ સહુ હવાં જણાય.

તિથિ ફળ દોહરા.

પડે છીપકી જો પડે, સરર ચઢે જો અંગ;
રોગ વધારે વેગથી, કરે શક્તિનો ભંગ.

દોહરો

દ્વિતિયામાં ધનરાજ બતાય. ત્રતીયામાં પણ આરોગ્ય થાય;
નક્કી ચતુરથી એ બહુ દુખ, પંચમા વૃદ્ધિ અંગનું સુખ.
સપ્તમી આઠમી દશમી નામ, સુખે ન રહે થાય ગુકામ;
પુત્ર લાભ એકાદશી હોય, દ્રવ્ય લાભ દ્વાદશી એ જોય.
ત્રયોદશી આવે સિદ્ધિ, ચતુરદશી નાસે સહુ રિદ્ધિ;
અમાસ પુંન્યે ધન મતી જાય સરડ ચઢે ફળ અસુભ જણાય.

વાર ફળ દોહરા.

શની રવી મંગળવાર દીન, મૃત્યુ બહુ ભય હોય:
સોમ બુધ ગુરૂ શુક્રમાં, લાભ ઘણેરો જોય.

નક્ષત્ર વિષે ચોપાઈ.

અશ્વનીમાં આરોગ્ય બતાય, ભરણી માંહી રોગ બહુ થાય;
કૃતીકા દ્રવ્ય નસાડે જાણ, સંપતી મૃગશિર રોહીણી માન.
આદરાથી મૃત્યુ જોય, પુષ્પ પુનરવસુ ધન બહુ હોય;
શરલેષાથકી જીવ વિનાશ, મઘાય પુરવા જીવનુ આશ.
ઉત્તરા ચીત્રા હસ્તજ સ્વાતી, ઘરમાં સહુ સુખ કાંઈ ન ભ્રાંતી;
કરે વિશાખા ધનનો નાશ, અનુરાધામાં રાજ્યની આશ.
જેસ્ટા જો નક્ષત્રજ હોય. મૃત્યુ તણી ભીતોતો જોય;
મુળ પુર વસાઢાએ જાણ. અને ઉત્તરાષાઢા આણ,
શ્રવણ તારક એથી સાચ. હોય સુખ માનો ભલી વાચ.
સુભ ફળ દેએ મનમાં ધાર, સાર ગુણ તું સરવ વીચાર

દોહરો—જાણુ ધનેષ્ઠા સતભીષા અન્યુ દાયક હોય,
પુરવ ભાદરવી ઉતરા, વીજ્યકર નકી જોય.
રેવતી આયુશ દાયનિ, જાય થકી એ રોગ.
આતકીમાં વળી સુરકનો, અંશ સહુ કર્યો યોગ.

લગન ફળ ચોપાઇ.

મેશ સુખ બહુ પાતાં સંત ગીનુ ધો રોગ બહુ જંત્રત;
કર્કશ કરક સિંહ સુત આવે, કન્યા ધનથી કરે ન ગીનાત.
તુળા અપાવે, બહુ ધન જાણુ, વૃશ્ચીક વળ ભાભ મનમાનુ;
ધન વળી મકર બહુ ધનદેવ, કુંભ વસ્તુની હાની કહેય.
મીન લગનથી જાણુ ન સુખ, સંતાપે બહુ ગણુ હું દુઃખ.
શુભ શુભ સુણી ફળ મનધાર, કહું ભડળી પ્રથમ વિચાર.

ભડળી વાકય.

દોહરો—નાગ ગણાવે ગરભનું, જોશી એમ કહેત;
ગરભ કહે તે જાણજો, માસ માસમાં એત.

ચોપાઇ.

વાદળ વાયુ વિજ વરશંત, કડકે ગાજે ઉપલ પડંત;
ધનુશ અને પરી દિશી જાણુ, ઢીમ પડે દશ ગરભ પ્રમાણ.

કારતીક માસ.

દોહરો—કારતિક સુદિ પડવા દીને, જો હોય બુધવાર;
વરસા હોય તું કર કહે, ન કરીશ વળિ વિચાર.
દીવા વતી પંચમી, આવે જો રવીવાર;
ધન કણ રાખી સંગ્રહો, હું દુજ કહુ નાર;

માલવડે મરકી થસે, દક્ષિણમાં ઉતપાત.
પુરને વિગ્રહ જાગશે, ખંળભળશે ગુજરાત.

આખા છપ્પયની ચાલ.

કાર્તીક સુદી બારસને દેખ, માગશીર્ષ સુદી દશમ—પેખ,
પોસ સુદી પાંચમ રવીવાર, માઘ સુદી આઠમ નિરધાર;
તે દીને જો મેઘો ગાજત, મહિના ચાર અંબર વરસંત.
દોહરો—કારતિક સુદી એકાદશી, વાદળ વીજળી હોય;
અશાડમાં ભડળી કહે, વરખા સાચે જોય.
કારતક સુદી પુનમ દીને, જો કૃતિકા કહી હોય;
તેમાં વાદળ વીજળી, જોગ જોગશું જોય.
કાર્તિક પુનમ કૃતિકા, અદકી હોયજ જેમ;
ભળે વધે જે વરસમાં, ભારે વરખા એમ.

ચોપાઈ.

જુઓ જોશી કારતિકી અમાસ, રવી શની ભોમે જોવાસ;
સ્વાતી યોગ આયુશ તે પાસ, કાળ કરાવે નાસા નાસ.
સુદી બારસ મેઘો જો હોય, અસાડ માસે વરસે જોય,
માસ અવર પણ વરસે જાણું; કહેછે ભડળી સાચ પ્રમાણું

માર્ગશિર્ષ ચોપાઈ.

મેઘ માગશિર્ષ વદી આઠમ, હોય મેઘ શ્રાવણમાં તેમ;
દશમી વદીને પોસે માસ, સાવણ વદી દશમીએ વાસ.
દોહરો—જેઠા માર્ગ શીર્ષમાં વળી તપે જો મુળ;
બોલે ભડળી એમજે, નીપજે અન્ન અતુલ.
માર્ગશીર્ષ આઠમ ઘટા, વિજ સમેત હોય.
તો સાવણ વરસે ભલો, સાખ સવાઈ જોય.

પોસ માસ—દોહરા.

પોસ સુદી સપ્તમી, આઠે નામે ગાજ.
ગર્ભ હોય તે જાણજો, સરસે સઘળાં કાજ.
પોસ માસની આઠમે, પાણી નીર જો હોય.
વરસે આદ્રા સહી, જળ સ્થળ એકજ જોય.
પોશ સુદીની સાતમે આભ વીજળી થાય.
સાવણ સુદી પુનમ દિવસે, નિશ્ચય વરસાદ થાય.
પોશ વદી દશમી દીને, વાદળ ચમકે વીજ.
પુરણ અમાસે સાવણી, જગમાં અતિ જોય.
પોશ અમાસે મુળથી, સાર ચારે માસ.
નિશ્ચય બાંધો ઝુંપડા, વરસા સુખેથી વાસ.
શની આદિત્યને મંગળો પોશ અમાસે હોય.
બમણા તમણા ચોગણા ધાન્ય મોંઘા સોય.
સોમ શુક્ર સુરગુરૂ, પોશ અમાસે હોય.
ઘર ઘર હોય વધામણાં, દુઃખ ન માને કોય.
ધનનો સરજે હોય, તો મુળાદિ નવ રક્ષ.
મેઘ સહિત જો જોઈએ, વરશા પ્રત્યક્ષ,

માઘ માસ—દોહરા.

માહા જો પડવે ઉજળી, વાદળ વાયુ જોય.
તેલ અને સરસવ ભરે, અતિશે મોંઘાં કોય.
માહા અજવાળી બીજ, દીન વાદળ વીજળી જોય.
તો ભાખે ભડળી ખરૂ અન મઘરગા હોય.
અજવાળી ત્રીજને દિને, વાદળ વિજળી પેખ.
સહુ જવનો સંગ્રહ કરો, મોંઘુ હશેજ દેખ,
મહા ઉજળી ચોથનો મેહ વાદળો હોય.
પાન નાળિએર એઉ, મોંઘાં થાયે જોગ.
પાંચમ અજવાળી દિને, વાયુ ઉતર વાય.
તો જાણો ભાદરવો, જમાવીન ઘરે જાય,

ચોપાઈ—મહા માસમાં ન પડે શીત, મોંઘુ અનાજ જાણ ખચીત,
પાંચ હોય મહામાં રવીવાર, તો જોશી તું કાળ વિચાર.
દોહરો—અજવાળી છઠ મહા તણી, વાર હોય જો ચંદ્ર.
તેહ ધીંગ સોંઘુ જાણીએ, ભાખે સાચા છંદ.
ગાજે નહી મહા છઠ દિને, મોંઘો હોય કપાસ.
સાતમ દીસે નિરમળી, તો નવ સારી આશ.
મહા શુદિ જો સાતમે, સુર્ય નીરમળો હોય.
ભડળી ભાખે એમ જે, જળ વિણ પ્રથ્વી જોય.
સપ્તમી મહાની ઉજળી, વાદળ મેઘ કરંત.
અશાડમાં ભડળી કહે, ઘણો મેઘ વરસંત.
મહાશુદી જો સપ્તમી, હેમ વિજળી હોય.
વરસે ચાર માસમાં, શોચ કરો નવ કોય.
મહાશુદી જો સપ્તમી, શોમવારી દિસંત.
કાળ પડે રાજા લડે, નર સઘળાં ભગત.
મહા જો સાતમ ઉજળી, આઠમનું વાદળ હોય.
અશાડમાંતો સુણીઆં વરશા જોશી જોય.
ચોપાઈ—ચંદ્ર આઠમે નિરમળ હોય, વાદળમાં સુરજ જો જોય.
તો નાસે રાજા ભાંય લેય. એમ કહે જોશી સહદેવ.
દોહરો—મહાની નવમી નિરમળી, તો સુધો અશાડ.
કણ વેચી પોતુ કરો, ભડળી કહે દુખ કહાડ.
અથવા નવમી નિરમળી, વાદળ કરે વિચાળ.
ભાદરવે જળ આવશે. સરોવર ફોડે પાળ.
અથવાં નવમી નિરમળી, વાદળ હેમ ન જોય.
તો સાવણ સુકો જશે, મેહ ઘણું નવ હોય.
મહા નવમીનો ચંદ્રમા, મંડળ સહીત વાસ.
અશાડમાંતો વરસશે, સુકોશ નવ નિશ્વાસ.
જળ મહા સુદી પુનમે, ચંદ્ર જો પોહોરજ હોય.
ચોમાસાના ચારમાં, ક્રમથી મોઘાં જોય.
મહાશુદી પુનમ દિને ચંદ્ર નીરમળો હોય.

પશુ વેચો કણ સંગ્રહો, કાળ દુગાહળ સેય.
મહા અંધારી સાતમે, મેઘબીજ ચમકંત.
માસે ચારે વરસશે, ન કરો કો પણ ચંત.
અંધારી નવમી મહા મુળથી ધ્યાર કજો ધાર.
ભાદરવા નવમી વદી, વરસે જળ નીરધાર.
અમાસ વાદળું હોય તો કણ ભાને વેચાય,
ભાદરવાની પુનમે, ચાર પહોર વરતાય.

ફાગણનો માસ દોહરા.

ફાગણને પંચે વળી સતેમીશા કંઇ હોય.
તોતો કાળ પડે નકી કહે સકાળ ન કોય.
ફાગણ સુદની સપતમી, આઠમ નુમ ગાજંત.
અમાવાસીયા ભાદરી, વરસા તે વરસંત.

ચોપાઇ-હોળી દીનનો કરો વિચાર શુભ અને નજ શુભ ફળસાર.
પશ્ચિમનો વાયુ જો વાય, સમય એજ સારો કહેવાય
વાયુ જો પુરવનો થાય, કોરો ને કંઇ ભીનો જાય.
દક્ષિણ વાયું ધનનો નાશ. એ સમય નવ ઉપજે ઘાસ.
ઉતરનો વાયુ બહુ હોયે, પ્રથવી પર પાણી બહુ જોય.
જે વંટાળે ચારે વાય, પ્રજા દુખમાં ઝુરે રાય.
જો વાયુ આકાશે જાય, પ્રથવી રણ સંગ્રામ થાય.
ફાગણની પુનમને દીને, હોળી સમયે પારખ કીને.

દોહરા —ફાગણ વદી જો બીજ દીન, વાદળ હોય નબીજ,
વરસે સાવણ ભાદરવો સાધો બોલો બીજ.
ગમાગ વદી અમાસરે, ફાગણ ચેતી જોય.
પશુ વેચો કણ સંગ્રહો, પોશ દુકાળો હોય.
શુક્ર અસ્ત જો હોય, વળી કદી પણ ફાગણ માસ.
ભડળી હું કહુ છું તને, ફાગણી ને પીએ છાસ.
પાંચ મંગળે ફાગણે, પોશ શનીવાર.
કાળ પડે ભડળી કહે, વીરલા જીવનાર.

ચઈતર માસ દોહરા.

નીચે વર્ષે તો ત્રણ વર્ષે, નક્ષતરે બહુ હીન.
જોગ વર્ષે તો રોગ બહુ, પહેલે દીન એ માન.
ચઈતર દશનક્ષત્રને, વાદળ વીજળી હોય.
ભડળી કહે એમજ ભણે, ગર્ભ ગળ્યા સહુ કોય.
રેવે પાણી ભરણીએ અગશીર વાયું વાય.
જેટલુ ભાંને પુનર્વસુ એટલુ અન વેચાય.

ચોપાઇ-અજવાળી પખ ચઈત્રજે જાણ, આઠ દીવસ વરસનારા ખ.
નવમીને દીન વીજળી હોય.. કાળ હલાહળ દેશો જોય.

આગળ છપયની ચાલ!

ચઈતર સુદી રેવતડી જોય, વઈશાખે ભરણી જો હોય.
જેઠ માંસ મ્રગશીર દ્રિસન, પુનરવસુ અશાડ ચરંત.
જેટલુ નક્ષત્ર વરતું જાય, સેર એટલા અંન વેચાય.

દોહરો-ચઈત્રી બહોળી પંચમી. વરખાડી વીજ.
સાતમે સાવણ હરે, નામે ભાદર લીજ.
પુનમ દીન પડવા પડે,. કોરા ચારે માસ.
ભડળી હું તુજને કહું જીવતરની શી આશ.

ચોપાઇ-પંચમ રોહણિ સપ્તમ આરુદ્ર, નામે પુખ ચિત્ર પુનચંદ્ર.
ચઈત્ર માંડી વરસંતા દેશ ગરભ શીયાળે વંઠયા પેખ.

દોહરો—સુદીની પડવે ચઈત્રદિન, મેખ થકી નર જાય.
હું તુજને ભડળી કહું, કશા થશે નવ બીદિન.
ચઈત્રા પુનમ દિને, બુધ શોમ ગુરૂવાર.
ઘરઘર વધામણાં ઘેરઘેર મંગળચાર.
તો ચોમાસે વાદળાં ભલી ભાંત વરતાયે.
અમાસ તે જે ઘડી, વરતી પત્રા માંય.
ભડળી શેરજ તેટલા, કારતીક અંન વેચાય.
અમાસ વદ ચઈતરની. રવી આથમતો જાય.
બીજે બાળો ઉગશે, સમો કહેશે જોય.
ઉતાર ઉત્તર ચાલીઓ મધ્ય મધ્યમ કાળ.

જો ઉગે કદિ દક્ષણે, પ્રથ્વી પડે દુકાળ.

ચોપાઇ—અશ્વની ગળતાં અંનનો નાશ, રેવતી ગળતા નવજગઆશ
ભરણી નાસે ત્રણથી સહી, વરસે નત્રકૃતિકા જો અહી.
ફાગણી પાંચમ ચઇત્રી ત્રીજ, વઇશાકી પડવો ગણી બીજ.
એક દીન જો ગાજે મેહ, લોક સુખીયો નહિ સંદેહ.

દોહરો—અશ્વનિ ગળી ભરણી ગળી, ગળિ જેષ્ઠ મુળ.
પુરવ ખાડા ધનીકા, ઉગજે સાતે મુલ;
કૃતિકા તો કોરી ગઇ, આદર મેહ નામુર.
તો ભડળી કહે જાણું, દાણ ગ્યાવે ધુર
રોહીણી ગાંહી, રોહીણી એક ઘડા દેખાય.
હાથે ખપર મેલ્ની, ઘરઘર ભીખી જાય.
આરદ્રા વરસે નહી મ્રગશીર પવન ન જોય.
ત્યાં ભડળી કહે જાણજો, વરષા બુંદ ન હોય.
મુળ ગળ્યાં રોહિણી ગળી, આરદ વાજી જાય.
હળ વેચોને બાળદ પણ, ખેતી લાભ ન થાય.
મ્રગશર વાયું ન વાયરે, તપે ન રોહીણી જેઠ;
વિણ ગણી કાંકરા, માનો એહ બેઠ.

વઇશાખ માસ દોહરા.

વઇશાખી પડવે દીને, બાદલે બીજ કરહે.
દાણા વેચી ધન કરો; પુરી સાખા ભરેહ.
અખાતિજ તિથિને દિને, ગુરૂ રોહણી સંયુકત,
સહદેવ પણ એ ભણે. નિપજે અંન બહુ જુકત.

આખાપદની ચાલ,

અખાત્રીજ રોહણી ભવ હોય, પોષ અમાસે મુળ ન જોય.
રાખી શ્રવણે હિન વિચાર, પુનમ કારતીક કૃતિકા ન ધાર.
મહા મહિને ઉતપાત પ્રકાશ, હેઇ ભડળી તો થાય વિનાશ.

જેષ્ટ માસ—દોહરા.

જેષ્ટ શુદિ પડવા દિને, બુધવાર જો હોય.
મુળ અશાડી જો ગજે, પૃથ્વી કંપે તોય.

ચે.પાઇ—જેઠ આગલી પડવા દેખ, લાસારા હવેગે પેખ.
રવીવારે બહુ વાય, મંગળવારે વ્યાધિ બતાય.
બુધ અનાજને મોઘું કરે, પ્રજા શનિવારે થરથરે.
ચંદ્ર શુક્ર અર ગુરૂવાર, બહુરો અન તો સહુ સંસાર.
દોહરા—જેઠ બીજે [illegible] [illegible], જો અજવાળી પક્ષ.
ગરભ ગળશે સહુ પાછલા, કહુ તુજને પ્રતક્ષ.
જેઠ શુદિની ત્રિજદિન, [illegible] વરસંત.
ભડળી ભાખે જોશથી. નકી દુરભીક્ષ કરંત.
જેઠ અક્ષ અજવાળીમાં, આર્દ્રાદિક દશ રીછ.
સજળ હોય નિરજળ કહો, નિરજળ સજળ પ્રતક્ષ.
જેઠ બીજ અંધારી દિન અતી ખંત [illegible].
થાડે થાડે દિવસે, ભક્ષણ દુર કરંત.
દશમી જેષ્ટજ માસની, આવે જો રવીવાર,
પાણી ન પડે જન મરે, દુકાળ ભડળી ધાર.
જેષ્ટ વદિ દશમી દિન, શનીવાસર જો હો.
પાણી હોય ધરણીમાં, વીરલા જીવે કોય.
મોલ જેષ્ટમાં રવી [illegible] મહા વીયાળો જાય.
ભાડળી તો તું જાણજે, પાણી નેવ ન માય.
સ્વાતી વિશાખા ચીત્રિકા, જેષ્ટ શું કોરા જાય.
ગરભ ગળ્યા પુંઠના સહુ, વૃષ્ટિ સાખી મીટાય.

અસાડ માસ દોહરા.

અસાઢ્યડ બીજડી, નોમે નરખી જોય.
સોમે શુકરે સુરૂ ગુરૂ, જળ બંબારણુ હોય.
રવી તાતો બુધ શીળો, મંગળ મધ્ય ન સોય.
વળી સંજોગે શની પડે વીરલા જીવે કોય.
અસાડ ધડ પંચમી, જો તવ થાશે વીજ.
દાણા સરવે વેચીને, રાખો બળદ બીજ.
સુધી અસાડી પંચમી, ગાજત ઘન ઘમઘોર.
ભડળી કહે તો જાણજે, મધુરા મેઘા સોર.

સુદી અસાડ પંચમી, વાદળ ન હોય બીજ.
વેચો ગાડી બળદને, નીપજે કાંઇ ને ચીજ.
સુદી અસાડી સપ્તમી ઝુરી જો નીરમળ દેખ.
પીયું તો જોજો માળવે, ભીખ માગની પેખ.
નવે અસાડી વાદળો, જો ગાજે ઘમઘોર.
ભડલી ભાખે જોશથી, કાળ તણું બળ જોર.
અસાડ શુદી નવમી દીસે, નીરમળ ઉગે સુર.
બારે બહુ આભાં ... મેહ હોય ભરપૂર.
માહારૂં ભડલી કહે. માસે ચાર વરસેય.
સાયન જાતાં કો કરો, જોશી શું જ કરેગ.
અસાડ સુદી નવમી દીને વાદલડાનો ચંદ.
તો જાણો ભડલી ખરૂ, બોલી ઘણો આણંદ.

શની આદીતને મંગળે, જો પહોડે જદુરાય.
અન્ય બહુ મેઘ રહી, દુખ પ્રજાને થાય.
સુદી અસાડે સુખનો ઉદય થયો જો દેખ.
શુક્ર અસ્ત આગુ થયો, મહાકાળ અવરેખ.

આશાડી પુનમ દીને, વાદળ બીનો ચંદ્ર.
તો ભડલી જોશી કહે, સઘળાં નર આનંદ.
અશાડી પુનમ કહિ, નીરમળ ચંદ્રાભાસ.
પીયુ તું તો જા માળવે, હું દુખમાં કરૂ વાસ.
અશાડી પુનમ દીને, ગાજવીજ વરસંત.
હોય ન લક્ષણ દુકાળનાં, આનંદે તો સંત.
અશાડે સુદ ઉગમે શુક્ર સાવણ માસ.
ભડલી હું તુજને કહું, કણબી ન પીએ છાશ.

જેઠ ગયો અશાડ જો શાવણીઆ તું જા.
ભાદરવે જગ રેલશે છઠે અનુરાધા.
ચિત્રા સ્વાતી વિશાખની આશાડ વરશે માસ.
ચારો નહીં ઢોરડે, સુકાળની શી આશ.

પુરવાષાઢા શુ ત્રણે દીન હોય સુભવાર.
ઘર ઘર હોય વધામણાં ઘર ઘર મંગળ ચાર;
ચોપાઇ—અષાઢી પુનમની સાંજ, દીન વદતા હુંયે નભમાંય.
પુરવ દિશા ઉતર ઇશાન, નૈરૂ વરસતો સમજો માન.
અગ્નીનૈરૂત્ય વાયુ કોણ, નારો રમજો પવન જાણ.
દક્ષીણ પશ્ચીમ આગેઓર, કહે જોશી સુદૈવ.

શ્રાવણ માસ દોહરા.

શ્રાવણ પહેલા ચોથમાં, જો ગોધો વરસાય;
ભડળી ભાખે સુજસે, ખાખે વસાય.
શ્રાવણ શુદિની પંચમી, પવન ચાલ તો વાય;
ભડળી કહે દેશ ભલું, ગામે પણ વસાય.
શ્રાવણ મહિની પંચમી, જોને ઘડુકે મેહ;
ચાર માસ વરસે સહિ, કહે એમ સહેદેવ.
શાવણ શુકલા સપ્તમી, સ્વાતીનો જો યોગ;
એ જો નીરને અનઘણો, ભડપાયા સંજોગ.
શ્રાવણ પહેલી પક્ષમાં, દશમે રોહણી હોય.
અનાજ મોઘુ અલ્પજળ, વિરલા જીવે કોય;
શાવણ શુદી પક્ષમાં, જોગે શહુ દરસાય.
કહે ભડળી ક્ષત્રી લડે, મરે પૃથ્વીનો રાય.
શાવણુ વદ એકાદશી, જેટલી રોહણી હોય;
સમો નીપજે હેટલો, ચીંતા કરે ન કોય.
કરે કૃતિકા કરવરૂ, રોહીણી કરે શકાળ,
જો મૃગશિર આવે કદી, દુકાળ તું સંભાળ;
શાવણ વદિ એકાદશી, ગરજે મેઘ અંધરાત.
જાઓ કંટ પીયુ માળવે, જાઇશ હું ગુજરાત;
શ્રાવણ વદિ એકાદશી, વાદળ ઉગે સુર.
ભડળી તો એમ ભણે, ઘરઘર વાજે તુર.
ચિત્રા સ્વાતી વિશાખડી, શાવણુ ના વરસંત;

અંન ઘુરત સહુ સંચહો, ભાખ્યુ મુખ્ય કરંત.
કરકજે બાજે ઝાંકરો, સીંહ આભનો જાય:
ભડળી તો એમજ ગણે કીકા ફરી ફરી જાય.
મીન કુંભીશ્વર કરક ગુરૂ તેમાં મંગળ હોય,
બહુ ઘોરરસને બાર ઈંટ વિરલા વિરચે કોય.
હોય. શનિશ્વર મિનનો, કે ત્રાળાનો હોય
વિગ્રહ રાજા કરે પ્રજા, વરલા જીવે જોય

આખા કાર્તિકની ચાલ:

કાર્તિક પક્ષ શ્રાવણમાં દેખ, તોળામંગળ હોય વિશેષ.
કરક રાશીએ ગુરુ જો થાય શુક્ર સિંહ રાશી શોહાય;
તાળ નહિ નવ વરસા જાણ કાંઇ ન ઉપજે ભડળી વાણ.

દોહરા.

મંગળ રથ આગળ અને ચાલે પાછળ સુર,
મંદ વષ્ટી તો જાણિયે, વરસા નવ ભરપુર.
મંગળ આગળ પછી રવી, જો અષાડે માસ;
ચોપદ તાસે ચાર દિસ, વિરલે જીવ્યા આસ.
આગળ રવિ પાછળ કહિ, ચાલે મંગળ જાય,
તો વરસે અંન મોંઘુ કરશ ઘણેરા થાય.
આદ્રા ભરણી રોહીણી મઘા ઉતરા દિન;
જો મંગળ અડગો રહે વરસા તો હો છીન;
તેતર વરણી વાદળી કાજળ વરણી રેખ.
એ વરસે એ ઘર કરે, ભડળી બુઝે દેખ:-
પવન ચડેવાં તેતર લવે, ગુરૂ હાસજાદે નેહ.
ભડળી તો એમજ ભણે, તે દીન વરસે મેહ;
મઘાદિ પાંચ નખેતરે, પશ્ચિમ ગુરૂને જોય;
ભડળી મહેલમાં પાણી મળી ન હોય.

ભાદરપદ માસ—દોહરા.

ભાદરવા સુદિ પંચમી યોગ સ્વાતિનો હોય;
શુભ જોગે છે બે અતિ મંગળ વરતે જોય.
ભાદ્ર શુદ્ધ અજવાળીઓ, જો મૂળ રવિવાર;
ભડળી ભાખે એમજ સાખી થશે નિરધાર.
દિન ઉગમણો દરવો, અમાસ ને રવિવાર;
મનુષ્ય ઉગે પશ્ચિમે, હોય જ હાહાકાર.
ભાદરવો જગ રેલશે, છઠે અનુરાધા હોય;
ગરભે જળ પૂરણ કરે, વરસા ભડળી જોય.

આશ્વિન માસ દોહરા.

સ્વાતી દીવા જો બળે. વિશાખા મેલે ગાય;
ઘણા ભડળી રહ્યુ કહે, ઉપજી સાખી ન સાય.
આસો વદિ અમાવસી જો આવે સનિવાર;
સમય આવશે આકરો, જોષિ જોશ વિચાર.

અખાત્રીજની—વાત:

સુણ નક્ષત્રો પાની રહે, સતણુ વગિ રાખિ તું જોય:
જો ચિત્રામાં ખેલ ગાય, તો સાખિ નવ આવી જાય.
નિર્જલ દશમ જે વારી હોય, સંવત્સરનો રાજા સોય.

અથ વરસા ગરભ વિચાર—દોહરા.

જળચળ જળ ઉપર બને, ગોતમ ભાખી એવંત;
ભડળી તો એમજ ભણે, જળધર જળ મેલંત.
પાતળ દાંસા લોહને, જો દિન કાર્તિક હોય;
ભડળી તેનો જાણજે જળધર આવે સોય.
કીડ પાણી કાઢશે ગરમ, ચિડિયો ધુળે નહાય;
ઇંડાં લે કીડી દિશે તો વરસાદ અતિ થાય.
બોલે મોર મહા તુરો, હોય ખાટી જો છાશ.
પડે મેઘ મહી ઉપરે, રાખો રૂડી આશ.

પ્રાતસમે ઉર કંબર સતી ઉજળી હોય;
સુરીય આગે બે પહોરમાં દુકાળ તો જોય.

શુક્રવારી જો બાદળી, રહે શનિશ્ચર છાંય;
ભડળી તો એમજ ભણે, વીણ વરશા ન જાય.

સને બોલે કાગડા ને બોલે ચિડીઓ,
તો ભડળી એમ કહે, નિશ્ચે પડશે કાળ.

રવિ અંગારા ચંદ્ર ગુરૂ બુધ શુક્ર શનિશ્ચર;
દિન જો ચોથે પાંચમે ભડલી વૃષ્ટિ જાણી લેશ.

ઉગે સુરિય પશ્ચિમ દિશા ધનુષ ઉગતો જાણ;
તો દિન ચોથે પાંચમે રૂડ મુંગ મહી માણ.

ઉન્રા ઉતર આપીયા, હરત મોડી મુખ જાય;
બીજે ચીત્રા જો કુદિ પ્રજા સુખી તો થાય.

ધનનો સુરજ હોય તો મુગાદિક વરશંત;
ગરમ સહિત જો જોઇએ. વરશાની નતચંત.

અથ વરશ વિચાર—ચોપાઇ.

ચિત્રા ગ્રરસંત ત્રિગણા ધાર, ધરતે માહીં ગયા જોય વાર;
ભાગ શીતનો લેતા હોય, લક્ષણ તો વરસનાં જોય.
શોધુ સુન્ય બચે કે ચાર પાંચ વધે સુકાળ;
ધર પર બે એક છે સમભાવ, એવી જોશી શાખ બતાવ.

સંક્રાંતિ વિચાર—દોહરો.

જે વાર રવિ સંક્રમે, અમાવાસિયા હોય;
ખપર ત્રુથે જગ ભમે, વિણ ન ચાલે કોય.

જે વારે રવિ સંક્રમે સાતે ચોથે વાર;
અસુભ ટાળી સુભ કરે, જોશી જોશ વિચાર.

બીજે ત્રીજે અગ્યાર. કુસુગન્સ મહામાય;
પહેલ છઠે આઠમે પ્રથવી પ્રલે જાય.

શિયાળે સુતી ભલા, બેઠી વરશા કાળ;
ઉનાળે ઉભી ભલી ચોખો કરે સુકાળ.
રીકતા તીથાને કુર દીન, બપોર અથવા પ્રાત:
સંક્રાંતિ [illegible] સંવત શોધુ જાત.
જેષ્ટ આરદ્રા શત ભાસા [illegible] ચેવા ગાંઠી;
સંક્રાંતી જાણજો. [illegible] વેશાખી.
ચોપાઇ—કરક સંક્રાતી મંગળવાર, મકર સંક્રાંતી [illegible] વિચાર;
[illegible] વાર હોય, દેશ ઉજડ કરે તું જોય.

વરશ વરતવા વીષે દોહરો.

પુનરવસુને રોહણિ વીશાખા તરણ બાંધ.
ઉતરામાં જો સંક્રમે કથે મુરતિ પીસ્તાળ.
ચોપાઇ.—ભરણી આરદ્રા અશલેષ, સ્વાતી સતભીષા ગણી લેજ;
સંક્રમશે જો જેષ્ટા માંય, મુરતિ એ દશ પંચક થાય.
દોહરા—શેષ નક્ષતરો જે રહ્યા મુરતી ત્રીશ જાણ,
સંક્રાંતિ મુરતિ કહે, બાર તણુજ પરમાણ.
શુકરવાર એક કરો લાભ તીથામાં જાણ;
ષટી આદી દશ પચાશ સંક્રાંતિ મન આણ.
નક્ષતગ એ રીતનું આંક એહના એહ;
એ રીતે ગણતાં કહ્યુ નક્ષત્ર રવીનું જેહ.
વેદ વારમાં રીજીએ તીથીમાં સાત મુકાય;
સડે સંવતસર મશે ચઉદ ઘડી જોડાય.
સંવતાંશ શશી [illegible] વરસ પે ત્રીસે જાણ;
શેશ રહ્યા તે સાંકરે નિશ્ચય કહ્યું વાણ.
ચકમાં તરણ જે ભેળીએ બારા પદારથ કામ;
દેશ છે તે સાંભળો કહીએ મેઘનું નામ.
અમતિકા એક લહો સમતિકા બીજો;

ત્રણ વધતાં જો પુસ્કરા વેદ દ્રોણ લીજેજ.
બાર ગંજો સહુકો કરો ઓગણી શેશ્યો ભાગ;
શેશ રહે તે સાંભળો અધીક માસનો લાગ;
કૃષ્ણ પક્ષ જો અમાસમાં પાંચમે [illegible]
અધીક [illegible] પચાંગે [illegible]
વરસ રાજ [illegible] દોનુ મેળીએ આંક;
નેત્ર ગણું તેને કરો [illegible] પાંચ નીશંક.
આંક [illegible] ભેગા કરી પંદર ભાગે [illegible]
શેશ રહે તે જાણજો સરવ આવ પદ એજ.
આંક ભાગ લેતાં રહ્યા શેશ આંકડા હોય;
નેત્ર ગણાં તેને કરો પંચ ભેળવી જોય.
લેતાં પંદર ભાગથી વરો વર્ષથી જાણ;
પરકાર એથી કીજીએ બારે રાશી પ્રમાણ.
સુધ [illegible] જે ચયતરની જે વારી તે રાય:
મેશ મંતરી જાણશે કરક અંતરો થાઇ.
આડદરા જે વાર છે મેઘાધી પતિ એહ;
પરભવે શંકરાતી સુધે રસાધી પતિ તેહ.
ધનધાને પસ્ચાલમા મકર કૃષપતિ જાણ;
ત્રણ કરકથી જાણવો દ્ક પતીમન આણ.
દીવાળી જે વારમાં, ધનધીપતી થાય;
કારતાકી સુદિની પંચમી, કોટવાળ કહેવાય.
પડવો સુદિ આશો તણો, સેના નાયક સોય;
બીજ દુરગેશો કીજીએ: કાળી રોહિ હોય.

[illegible] વિચાર દોહરો.

જે નક્ષતરે રવી તપે, અમાવાશીયા હોય;

પડિવા સાજી જો મળે, સુર્ય ગ્રહણ તવ જોય.
ચંદર થકી રવી સાતમે રાહુ થકી એકાંત;
ચંદર પક્ષમે જાણજે, વણ બહાનાની ભ્રાંત.
મેદિની [illegible] કરશ, [illegible] મ ઉતાર;
મંદ થશે [illegible] વગળો, પર [illegible] બુડી ધાર.
ચોપાઇ-માસ ફાગણ હુતું બિજ સુધમાં [illegible] જોતિશ તુંજ વીચાર.
તે સુતરે ને સોમે ગ્રહણ, કોઇ ન [illegible] હરકરાવી;
એ મંગળવાર ગ્રહણ પડયાં દુરભી વિચાર.
ગુરૂવારે ધન નામે વરસાદ, સ્થાવર ચૂકો રાજા જાય
એક માસમાં ગ્રહણો બેય, નિશ્ચય જાન મેહરો કેમ;
આથમતો ઉગીયો જ્યુ થાય એ ચોખા નાર સાખો કથાય.
દોહરા—આદરા ભદરા કૃતિકા રહેશાજ મધાય;
ચુંદા ઉગે બીજનો નર સુણ શું કરાય.
ચોપાઇ—મુલામુળ અનુરાધા જ્યેષ્ઠા પુષ્પ પુનરવસુ જોશ નીદેવ;
હાહાકાર ગયે મહંમદ ભડવા પડશે કાળ પરચંડ

શની ચક્ર ચોપાઇ.

શનીચક્રની કહુ સાભળ વાત, મેશી રાશીકી જઇ ગુજરાત;
વરશમાં કરે નિરાધાર, જાણો ગઢ આબુ ગિરનાર;
મીથુનગે પીંગસને [illegible] કરકે કાસમિર ખોરાસાન.
જો શનિ સીંહા કરી સારંગમઠ દિલ્લી તો હાસજ ભંગ;
જો શની કન્યા કરે નીવાસ તો ગુરવે કછ મારિ નાશ.
તુળા વ્રશ્ચિક જો શનિ જાય મારવાડ નાવકોટી હાય;
મકરકુંભમાં જો શની થાય, આબુ [illegible] કોમ ન જાય;
જો ધન મીન શનીશ્ચર જાય, પવન હાય પાણી નવ સ્થાન.

દોહરો—મણુ નવ ત્રણસે સાઠદિન નાકર લગ્ન વિચાર;
ગણુ નવમા અશાડ વદિ [illegible] કેણુ [illegible]

ચોપાઇ-ડગે ભોમજગ રવા અકાળ ખુશે સૌમો ભાવજ સંભાળ;
સોમ સુક રુગડનો જોય [illegible] ફુલ [illegible]

[illegible] ચોપાઇ

રવી તોજે નવ ગજન [illegible] સોન મીયુને [illegible] નથી સંશય
ગગળા [illegible] ગજન જાણ [illegible] ક્ષયજ [illegible]
સુક્ર [illegible] ગામ જવાય, ગુરુસુકર [illegible] તાજય.
મીન શનીશ્ચર [illegible] જાણ, સર્દેવ [illegible] પ્રમાણુ.

વિયોગ ચોપાઇ

પડવો છઠ એકાદશી જાણુ, વાર શની કે મંગળ ભાણુ.
કતીકા શ્રવણુ અસ્લેષા સાથ. જન્મે વખ કન્યા કહી ગાથ;
ગરે આપકે માતા માર. પોતા કહુંએ એથીજ બાર.
અઠ્ઠા વીઞણું જાને જાણુ, ચોરા[illegible] વરતે ખય.

જવાળામુખી યોગ-ચોપાઇ

પડવે મુળ ભરણી પાંચમે, રોહીણી નવમી કૃતિકા આઠમ;
દશમ અશ્લેષા તુ વાંચ, જવાળામુખી નક્ષત્રા પાંચ

દોહરો—જણે માતા જીવ નહી. વસે તો ઉજડ થાય;
નારી પેહેરે ચુડલો, આંબા સમુ તો જાય
વાવ્યું તો [illegible] નીર કુવ ન થાય;
ના જાણ્યું [illegible] [illegible]

ચોપાઇ—ઉત્તર હસ્તને દક્ષણ ચીત્ર પૂર્વ રોહણી સુત્ર હો મિત્ર:
પશ્ચિમ શ્રવણુ ગમન નવ ચરણુ. હરીહર બ્રહ્મ પૂરંધર મરણુ.
પાંડવ ઉત્તર ગયા વનપાળ, પૂરવે બળી ચાંપ્યો પાતાળ,
દક્ષણુ હરીરાવણુની સીતાજ, પશ્ચિમથી અગસ્ત [illegible]

સામો કાળ-ચોપાઇ

દીસે ઉગે પુરવે જેહ, અનુક્રમે ખેરવીએ તેહ;
જયાંહી સુની ત્યાં કાળજ ધાર, સમો પાસ તુ કાળ વીચાર.

[illegible] વારનાં અનુયોગ-દોહરા

પડવે સ્થાન [illegible] કે બીજે તો [illegible]
તીજે સુરો વરણવ્યું, ચોથે [illegible]
બોમ [illegible] પાંચમેં પરહરા, છઠ રૂદ્દ્રમાં જાણ,
એમજ [illegible] નુરનુ શીશ્યે કહ્યું પ્રમાણ.
સાયો બળી વાળી હણ્યો. રામ ભમાડયા [illegible]
સટ જમડા સે તેલને, કળી કાળ તુ માન,

ચંદ્ર જોવા વિશે આખા છપયની ચાલ

પંચમ જનમોતરી જો શીશ, છઠો આઠ નામો પીઠ દીશ,
સાત બારમો પાય ધરીજ, ચોથો બીજો હાથ કહીજ,
દશ અગીઆરો હૃદે ધરાય, ચંદ્ર એજ રીતે જોવાય,
ચોપાઇ—શીશ ચંદ્રમાં દ્રવ્ય બંધાય, હાથે હૃદે ઘણુ સુખ થાય
પાય ચંદ્ર તો કલેશ જણાય, પીઠ ચંદ્રમાં મરણ બનાય

ચુડાના મહુરતની તીથી વાર-દોહરા

સોમ શનિશ્વર ચુડલો. જો રાતો બુધવાર,
નિશ્ચય તે કામની [illegible]રે, કે એનો ભરથાર.
ચોથે નોમને ચઉદશે, જો પેહેરે ગજદાંત,
મરે તોય કામનો, મેર કંથ નવ ભ્રાંત,

ઇતિ શ્રી ભડળી વાક્ય અને શકુનવંતી સમાપ્ત

समाप्त.

[illegible] પુસ્તકો મૂળસહિત ગુજરાતી

[illegible] કીં.

[illegible] મૂળ સહિત ગુ [illegible] ૧—

[illegible] મૂળ સહિત ગુજરાતી [illegible] ૧—

[illegible] મૂળ સહિત ગુ [illegible] —

[illegible] મૂળ સહિત [illegible] —

[illegible] મૂળ સહિત [illegible] —

[illegible] મૂળ સહિત ગુજરાતી ભાષાંતર [illegible] —

[illegible] મૂળ સહિત ગુજરાતી [illegible] —

[illegible] મૂળ સહિત ગુજરાતી [illegible] —

[illegible] મૂળ સહિત ગુજરાતી [illegible] —

[illegible] મૂળ ([illegible]) —

[illegible] મૂળ ([illegible]) —

મૂળ સહિત ગુજરાતી ભાષાંતર —

[illegible] ગુજરાતી —

[illegible] ગુજરાતી —

[illegible] —

[illegible] સં. ૨૦૧૨ સુધી —

[illegible] સુધી) —

[illegible] —

[illegible] —

[illegible] —

[illegible] (ટીકા) [illegible]

[illegible]

[illegible]

[illegible]